# ધાનેરા વિસ્તારમાં એક કલાકમાં અકસ્માતના બે બનાવ : એક મોત






ધાનેરા, તા.૧૬

ધાનેરા વિસ્તાર માં એક કલાક માં અકસ્માત ના બે બનાવ બનવા પામ્યા છે જેમાં ક વ્યક્તિ નું મોત નીપજ્યું છે તો બે લોકો ને ગંભીર ઈજા થવા પામી છે બંને ઘાયલો ને ૧૦૮ દ્વારા સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યા છે

ધાનેરા વિસ્તાર માં એક બાદ એક અકસ્માતો ની હારમાળા જોવા મળી રહી છે અને લોકો મોતને પણ ભેટી રહ્યા છે ત્યારે આજે ધાનેરા તાલુકા ના વીંછીવાડી ગામ પાસે બાઈક અને કમાન્ડર જીપ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બાઈક સવાર દીપારામ હીરારામ સાધુ ઉ.વ ૩૦ નું ઘાટાં સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું છે તો અન્ય નરેન્દ્રભાઈ નારણદાસ ઉ.વ ૧૮ ને ગંભીર ઈજા થતા ઘટના સ્થળે લોકો ના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને લોકો ધ્વરા ધાનેરા ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ ના ભગવાનભાઈ દેસાઈ તાત્કાલિક પોતાની ટિમ સાથે ઘટના સ્થળે પહોંચી ઘાયલ ને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડ્યા હતા ટોપ બીજી તરફ ધાનેરા તાલુકા સરાલ પાટિયા પાસે પણ બાઈક વચ્ચે કૂતરું આવી જતા અકસ્માત સર્જાયો હતો અને બાઈક સ્લીપ ખાઈ જતા બાઈક સવાર ને ગંભીર ઈજા થતા તેને પણ ૧૦૮ દ્વારા સારવાર અર્થે ધાનેરા ખસેડવામાં આવ્યો હતો.

# પ્રાંતિજ-તલોદ બેઠક પર ભાજપ-કૉંગ્રેસનો જીતનો દાવો

## ભાજપ બેઠક છીનવી લેશે કે કૉંગ્રેસ બેઠક જાળવી રાખશે : આ વખતે પુનરાવર્તન કે પછી પરીવર્તન

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાતમાં પ્રથમ અને બીજા તબક્કાની વિધાનસભાની ૧૮૨ બેઠકોનું મતદાન પૂર્ણ થઈ ગયુ છે. તો પ્રાંતિજ-તલોદ વિધાનસભા બેઠક ઉપર આ વખતે પણ ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જગ જોવાં મલ્યો હતો અને મતદાન પૂર્ણ થતા જ બન્ને પક્ષો દ્વારા જીતનો દાવો કરવામાં આવી રહ્યો છે.

પ્રાંતિજ-તલોદ વિધાનસભાનું બીજા તબક્કામાં મતદાન ૧૪મી ડીસેમ્બરના રોજ યોજાયું હતું. જેમાં પ્રાંતિજ-તલોદમાંથી નવ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતાં અને તંત્ર દ્વારા પ્રાંતિજ-તલોદમાં થઈને ૨૯૬ બુથો ઉભા કરવામાં આવ્યા હતા. ૨,૩૭૦૦૦ મતદાતાઓમાંથી ૭૩.૫૭ ટકા મતદાન યોજાયું હતું.





ગત ચૂંટણીનું મતદાન કરતાં આ વખતે વધુ મતદાન નોંધાયું છે. આ વખતે મતદારોનો મિજાજ કોઇ અલગ જ હતો તો સવારના ધીમીગતીએ થયેલ મતદાન બપોર બાદ સ્પીડ પકડતાં મતદાન મથકો ઉપર લાઈનો જોવા મળી હતી. તલોદ ખાતે બે બુથો ઉપર તો મતદાનનો સમય પૂર્ણ થયા છતાં લાઈન હોવાથી કાપલીઓ આપવી પડી હતી તો મતદાન પૂર્ણ થતા જ ભાજપ-કોંગ્રેસ બન્ને પક્ષો જીતનો દાવો કરવામાં આવી રહ્યો છે. વધુ મતદાન થતાં આ વખતે પુનરાવર્તન કે પરિવર્તન થશે તે તો આવનાર દિવસમાં ખબર પડશે. ભાજપ યુવા ચહેરો ગજેન્દ્રસિંહ પરમારનો મતદારો સહિત લોકો સ્વિકાર કરશે કે પછી કોંગ્રેસના રીપીટ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના પાંચ વર્ષમાં કરેલ કામો બોલશે તે તો ૧૮ મી ડીસેમ્બરના રોજ ખબર પડશે. પણ હાલ તો પ્રાંતિજ- તલોદ ભાજપ-કોંગ્રેસ કાર્યકરો મતદારો સહિત લોકોની નજર મત ગણતરી ઉપર મંડાઇ રહી છે અને બન્ને પક્ષોમાં પરિણામને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે તો કેસરીયો લહેરાય છે કે પંજાનો પંજો પડશે તે તો હવે બે દિવસ બાદ જ ખબર પડશે.

# મોડાસાનો ભાવેશ ખીલવાણી રાષ્ટ્રકક્ષાની અન્ડર-૧૪ સોફ્ટ ટુર્નામેન્ટમાં સિલ્વર મેડલ

## ગુજરાત ની અસ્મિતા : ગત વર્ષે અન્ડર-૧૯ મા પણ સિલ્વર મેડલ જીતી ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું : ગુજરાત ટીમનું પ્રતિનિધિત્વ કરી અરવલ્લી જિલ્લાનું નામ રોશન કર્યું

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાનું મુખ્યમથક મોડાસા શહેર શૈક્ષણિક નગરી તરીકે સમગ્ર રાજ્યમાં જાણીતું છે ત્યારે ધીરે ધીરે રમત-ગમત ક્ષેત્રે પણ મોડાસાના વિદ્યાર્થીઓ રાજ્ય લેવલે અને દેશમાં વિવિધ રમતોમાં કૌવત દેખાડી મોખરાનું સ્થાન મેળવી જિલ્લા સહીત મોડાસાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કરી ગૌરવ વધારી રહ્યા છે. મોડાસાના ૧૨ વર્ષના ભાવેશ ખીલવાણી નામના કિશોરે રાષ્ટ્રકક્ષાની સોફ્ટ ટેનિસ ટુર્નામેન્ટમાં અન્ડર-૧૪ ટીમ નું પ્રતિનિધત્વ કરતા દેશમાં બીજો ક્રમ મેળવી સિલ્વર મેડલ પ્રાપ્ત કરી સમગ્ર દેશમાં ગુજરાત અને અરવલ્લી જિલ્લાનું નામ રોશન કર્યું હતું.

મધ્યપ્રદેશના દેવાસ ખાતે ૧૧ થી ૧૫ ડિસેમ્બર દરમિયાન ૬૨મી નેશનલ સ્કૂલ ગેમ્સ અંતર્ગત રાષ્ટ્રકક્ષાની અન્ડર-૧૪ ટુર્નામેન્ટ યોજાયી હતી. જેમાં અરવલ્લી જિલ્લાના મોડાસાની શ્રી



સી.જી.બુટાલા સર્વોદય હાઈસ્કૂલનો ધોરણ-૭માં અભ્યાસ કરતા ભાવેશ મુકેશભાઈ ખીલવાણીએ ગુજરાત રાજ્યટીમનું પ્રતિનિધિત્વ કરવાની સાથે દ્વિતીય ક્રમ મેળવી સિલ્વર મેડલ પ્રાપ્ત કરતા મધ્યપ્રદેશ પાઠ્યપુસ્તક નિગમના અધ્યક્ષ અને મંત્રી રાજેન્દ્ર વર્માના હસ્તે ટ્રોફી અને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. ગતવર્ષેપણ ભાવેશે અન્ડર-૧૯ સોફ્ટ ટેનિસ ટુર્નામેન્ટમાં ગુજરાતની ટીમ માં સિલેક્ટ થતા સિલ્વર મેડલ મેળવ્યો હતો. સતત બીજા વર્ષે પણ સિલ્વર મેડલ મેળવવાની સિદ્ધિ હાંસલ કરતા મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપિન શાહ, ઉપ પ્રમુખ કનુ સી. શાહ, મંત્રી ધીરેન પ્રજાપતિ, શાળાના પ્રિન્સિપાલ ડૉ. આર.સી. મહેતાએ ભાવેશ અને તેના ટેનિસ કોચ કે.એ.જોશીને અભિનંદન આપી આગામી ટુર્નામેન્ટમાં રાજ્ય વતી દેશમાં ગોલ્ડ મેડલ મેળવી નેશનલ ટીમમાં સ્થાન મેળવે તેવી શુભેચ્છા પાઠવી હતી. મોડાસાનો ધોરણ-૭નો વિદ્યાર્થી દેશ લેવલે સિલ્વર મેડલની સિદ્ધિ મેળવી જિલ્લાનું અને મોડાસા શહેરનું નામ દેશમાં રોશન કરતા લોકોએ અભિનંદનની વર્ષા વરસાવી હતી.

# મહેસાણા જીલ્લાની મતગણતરી માટે વિવિધ જાહેરનામા બહાર પડાયા

## બાસણા મરચન્ટ એન્જીરીંગ કોલેજ ખાતે સોમવારે મતગણતરી

મહેસાણા, તા.૧૬

મહેસાણા જિલ્લાની વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ની મતગણતરી ૧૮ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ મર્ચન્ટ એન્જીનીયરીંગ કોલેજ મું.પો બાસણા તાલુકો વિસનગર જિલ્લો મહેસાણા ખાતે થનાર છે. જેમાં મતગણતરી સરળ અને શાંતિપૂર્ણ રીતે સંચાલન થાય અને તેમાં કોઈ પણ અવરોધ પેદા થાય નહી તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજા દ્વારા સુચારૂ આયોજન માટે વિવિધ આદેશો બહાર પાડ્યા છે.

જેમાં મતગણતરી કેન્દ્રના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોબાઈલ સહિતના વિજાણુંસાધનો લાવવા પર પ્રતિબંધાત્મક આદેશ, મતગણતરી કેન્દ્રના ૨૦૦ મીટરના વિસ્તારમાંચાર કરતાં વધુ માણસો બિન અધિકૃત રીતે ભેગા થવા પર પ્રતિબંધ કર્યોછે. તેમજ ટ્રાફિકની વ્યવસ્થા જળવાય તે માટે ડાયવર્ઝન સહિતના આદેશ કર્યા છે. જેમાં મોટા ભારે વાહનો જે મહેસાણા શહેરથી વિસનગર આવતા હોય તેઓએ માનવ આશ્રમ થઈ રામપુરા ચોકડી થઈ ઉદલપુર થઈ મગરોડા-કમાણા થઈ વિસનગર જશે. તેમજ વિસનગરથી મહેસાણા આવતા મોટા ભારે વાહનો વિસનગર થઈ કમાણા થઈ મગરોડા થઈ ઉદલપુર થઈ રામપુરા ચોકડી થઈ માનવ આશ્રમ જશે.

# આજે વડગામના છનિયાણા ગામમાં પુનઃ મતદાન યોજાશે

પાલનપુર, તા.૧૬

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનું બીજા અને આખરી તબક્કાનું મતદાન ૧૪ તારીખે યોજાયું જોકે બનાસકાંઠાની વડગામ વિધાનસભાના છનિયાણા ગામમાં આવતીકાલે ફરીથી મતદાન થવાનું છે જેને લઈને તંત્ર દ્વારા તૈયારી કરી દેવામાં આવી છે.



ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા અને આખરી તબક્કાનું મતદાન ૧૪ તારીખે શાંતિ પૂર્ણ યોજાઈ ગયું. જોકે ક્યાંક ઈવીએમ ની ગરબડીઓ સામે આવી જેના કારણે બનાસકાંઠાના વડગામ વિધાનસભાના છનિયાણા ગામે આવતીકાલે ફરીથી મતદાન યોજવાનું છે. ૧૪ તારીખે છનિયાણા ગામે મતદાન ચાલુ હતું ત્યારે એક મહિલા મતદાતાએ એવી ફરિયાદ કરી હતી કે ઈફસ મશીન પર માર્કર વડે ઉમેદવારના નિશાન સામે બ્લ્યૂ નિશાન કરાયું છે જે બાદ મહિલા મતદારે એજન્ટ ને જાણ કરતા એજન્ટ દ્વારા પોલિંગ ઓફિસર ને જાણ કરાઈ હતી તે બાદ ગ્રામજનો એ હોબાળો કરીને મતદાન પ્રક્રિયા અટકાવી દીધી હતી. જોકે આ ઘટનાને લઈને ગ્રામજનોના ટોળા દોડી આવતા વાતાવરણ તંગ બની જતા ફરજ ઉપરના પોલીસ સ્ટાફ દ્વારા મતદાતાઓને મતદાન કેન્દ્રમાંથી બહાર કાઢ્યા હતા. જોકે ત્યાર બાદ આ સમગ્ર ઘટનાને લઈને લોકોએ ફરીથી મતદાન કરાવવાની માંગ કરી હતી. જોકે ચૂંટણી કમિશ્નર દ્વારા ફરીથી આવતીકાલે મતદાન કરવાનું નક્કી કરતા છનિયાણા ગામના બુથ નંબર ૧ અને ૨ માં ૯૬૪ પુરુષ અને ૯૫૬ મહિલાઓ કુલ મળીને ૧૯૨૦ મતદાતાઓ કાલે મતદાન કરશે જેમાં મતદાતાઓના ડાબા હાથની વચ્ચેની આંગળી ઉપર શાહીથી નિશાન કરવામાં આવશે.

# મોડાસાના સબલપુર ગામનો આર્મીનો જવાન લાપતા

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના યુવાનો મા-ભોમની રક્ષા માટે મોટા પ્રમાણમાં વિવિધ લશ્કરી દળોમા ફરજ બજાવી રહ્યા છે. ત્યારે મોડાસાના સબલપુર ગામનો યુવાન છેલ્લા ૧૫ વર્ષથી આર્મીમાં ફરજ બજાવતો યુવાન વતનમાં રજા પર આવ્યા બાદ ૭ દિવસ પહેલા નોકરીના સ્થળે જવા રવાના થયા બાદ જમ્મુ પહોંચ્યા પછી અચાનક ગૂમ થઈ જતા પરિવારજનો ચિંતિત બન્યા હતા. અને આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી હતી. સબલપુર ગામનો આર્મીમાં ફરજ બજાવતો જવાન



લાપતા બનાવની ઘટનાથી જિલ્લાના પ્રજાજનો જાણ થતા ચિંતિત બન્યા હતા.

મોડાસાથી ૩ કિમી દૂર આવેલા સબલપુર ગામના લાલસિંહ મકવાણા છેલ્લા ૧૫ વર્ષથી મા-ભોમની રક્ષા માટે આર્મીમા નોકરી જોડાયા બાદ દેશના વિવિધ વિસ્તારોમાં ફરજ બજાવ્યા બાદ તેમની બદલી અખનોર કેમ્પ ખાતે ફરજ બજાવતા હતા અને નિયમ પ્રમાણે રજા મળતા તેમના વતન સબલપુર ખાતે રજાઓ ગાળ્યા બાદ રજા પૂર્ણ થતા તા-૧૦-૧૨-૨૦૧૭ ને રવિવારે નોકરી સ્થળે જવા રવાના થયા હતા અને જમ્મુ પહોંચી પરિવારજનો સાથે ટેલિફોનિક વાત કરી જમ્મુ પહોંચી ગયાનું જણાવ્યા બાદ જમ્મુ-કાશ્મીરના નોકરી સ્થળ અખનોર જગ્યા પર પહોંચ્યા ન હોવાનું પરિવારજનોને જાણ થતા પરિવારજનો સહીત સગા-સંબધીઓ ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા અને આર્મી જવાન હેમકુશળ હશે ને...? નોકરી સ્થળે કેમ પહોંચ્યો નહિ હોય..જેવા અનેક પ્રશ્નાર્થ પેદા થયા છે અને આર્મી જવાનના સહીસલામત હશેની આશા સાથે તેના ટેલિફોનની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે અને આર્મી જવાન ગૂમ થયા અંગે મોડાસા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી હતી.



મોડાસામાં ૧૫-ડિસેમ્બર સરદાર પટેલની ૬૭મી પુણ્યતિથીએ મોડાસા નગરપાલિકાના બગીચામાં સ્થાપિત સરદાર પટેલની પ્રતિમાને જાળવણી બાબતે નગરપાલિકાતંત્ર બેદરકારી દાખવતા મોડાસાના સમાજસેવી નિલેશભાઈ જોશી અને તેમની ટીમે સરદાર પટેલની પ્રતિમાને સાફ-સફાઈ હાથ ધરી સન્માનપૂર્વક પ્રતિમાને સુતરની આંટી અર્પણ કરી ફુલહાર પહેરાવી જય સરદારના નારા લગાવી પુણ્યતિથી ઉજવવામાં આવી હતી.

## મોડાસા વિધાનસભામાં સમાવિષ્ટ જામઠા-૧ બુથ પર

# મોકપોલ મતદાન પછી ક્લિયર કર્યા વગર મતદાન કર્યાનું બહાર આવતા હોબાળો

મોડાસા, તા. ૧૬

પ્રાપ્ત માહિતી મુજબ,૧૪



ડિસેમ્બર યોજાયેલી વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણીમાં યોજાયેલ મતદાનમાં જિલ્લાની ત્રણ વિધાનસભા બેઠકો પર મતદાન શાંતિપૂર્ણ માહોલમાં યોજાયા બાદ ૩૧- મોડાસા વિધાનસભા બેઠક પર સમાવિષ્ટ જામઠા-૧ બુથ પર મતદાન શરૂ થતા પહેલા ઈવીએમ મશીન પર પ્રીસાઈન્ડીંગ ઓફિસર દ્વારા યોજાયેલ મોકપોલ મતદાન કર્યા બાદ ક્લિયરનું બટન દબાવાનું ભૂલી જતા સીધું મતદાન શરુ કરી દીધા બાદ મતદાન પૂર્ણ થતા પ્રીસાઈન્ડીંગ ઓફિસરની ગંભીર બેદરકારી બહાર આવતા ભારે હોબાળો મચતાં પુનઃ મતદાનની માંગ મતદારોએ કરતા પુનઃ મતદાનની માંગનો અસ્વીકાર કરી લેખિતમાં રદિયો આપવા ચૂંટણી અધિકારીએ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. આ અંગે અરવલ્લી જિલ્લા ચૂંટણી અધિકારી દવેના જણાવ્યા અનુસાર ભારત સરકાર ચૂંટણી કમિશનના આદેશ મુજબ પુનઃ મતદાન કરવાના બદલે વીવીપેટ સ્લીપની ગણતરી કરવામાં આવશે. જામઠા-૧ બુથ પર ૫૦૦ મતદારોએ મતદાન કરતા ૬૨.૫૦ ટકા જેટલું મતદાન નોંધાયું હતું.

# વિજયનગરમાં રસ્તા પરથી નિકળવા બાબતે ઝઘડો તથા ત્રણ વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૧૫

વિજયનગરના વણકરવાસમાં રવિવારે રસ્તા પર થઈને નિકળવા બાબતે થયેલી બોલાચાલી ઝઘડામાં પહોંચી જતા તે અંગે ત્રણ જણા વિરૂદ્ધ મંગળવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવાની નોબત આવી હતી. આ અંગે વિજયનગરના વણકરવાસમાં રહેતા મોહનભાઈ સુકાજી ડાભીએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત રવિવારે તેઓ અક્ષયકુમાર જીવાડી ડાભી, દિનેશભાઈ હિરાજી ડાભી અને જીવાજી સોજાજી ડાભી મોહનભાઈના ઘર આગળ થઈને નિકળતા હતા ત્યારે આ ત્રણેય જણાએ કોઈ પણ કારણ વગર ગાળો બોલી જતા હતા જેથી મોહનભાઈએ ગાળો બોલવાની ના પાડતા આ ત્રણેય જણાએ ઉશ્કેરાઈ જઈને મોહનભાઈ પર ત્રિકમના લાકડાથી હુમલો કરી માર માર્યો હતો. તથા માથામાં લોખંડની પાઈપ મારી હતી. અને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી મોહનભાઈએ ત્રણેય જણા વિરૂદ્ધ મંગળવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

ખીચડી ને એની અંદર ખાડો પાડીને ભરાતું ઘી કે પછી એય ને લીલા શાકભાજીને કંપની આપતા લીલા લસણ, લીલી ડુંગળી, લીલી હળદર, તાજ્જા ગાજર કે પછી અહા થઈ જવાય એવી અડદની દાળ કે પછી મસાલેદાર મૂળા ...! એમ તો સવારે સૂપ કે વસાણું, બપોરે આ હેલ્થી ગ્રીન ડીશ કે ડીનરમાં ખીચડી રોટલા સિવાય પણ મન થાય તો (અને શિયાળામાં તો ચક્કી ચાલુ જ રહેવાની, એટલે મન તો હોંગા હી) લીલા ચણા (જીંજરા) – કાચેકાચા ખાવ કે શેકીને ... રસમધુરી શેરડી (અગેન રસ પીઓ કે એમ જ ઉલાળો)... ગરમા ગરમ ખીચું કે ઢોકળા કે પછી હાંડવો... ગરમાગરમ કાવો... મમરાના કે તલના લાડવા ... અને અગેન લાસ્ટ બટ નોટ લીસ્ટ ચણીથી માંડીને અજમેરી બોર ...! વોટર કમિંગ ઈન માઉથ ના...! હેપ્પી વિન્ટર ...! હેલ્થી વિન્ટર...!

# ઈલોલની પરણીતાને ત્રાસ આપી દુષ્પ્રેરણા આપતા બે વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામની પરણિતાને બે પરિવારજનો દ્વારા ખોટો શક રાખી અવારનવાર શારિરીક અને માનસિક ત્રાસ આપી પરેશાન કરવામાં આવતી હતી. જેથી આ પરણિતાએ ત્રાસથી કંટાળીને સોમવારે જાતે સળગી જઈ મોતને વ્હાલુ કરી દીધુ હતુ. જેથી બન્ને જણા વિરૂદ્ધ મંગળવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે સુંદરગઢ ગામના અરવિંદભાઈ કચરાભાઈ મકવાણાએ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેમની દિકરી કોમલબેનના બીજા લગ્ન ઈલોલ ગામના પ્રકાશભાઈ કરશનભાઈ સોલંકી સાથે ૧૧ માસ અગાઉ સામાજીક રીત રિવાજ મુજબ કરાયા હતા. શરૂઆતના સમયમાં તેમનુ જીવન સુખરૂપ ચાલતુ હતુ. પરંતુ છેલ્લા કેટલાક સમયથી કોમલબેન પર તેમના પતિ પ્રકાશભાઈ અને સાસુ લાડુબેન સોલંકી દ્વારા કારણ વગર ખોટો વહેમ રાખવામાં આવતો હતો. જેથી ઘરમાં અવારનવાર કકળાટ થતો હતો.

બીજી તરફ પતિ અને સાસુ દ્વારા અવારનવાર શારિરીક અને માનસિક ત્રાસ આપવાનું ચાલુ રખાયુ હતુ. જેથી આ ત્રાસ સહન ન થતા કંટાળીને કોમલબેને સોમવારે સળગી જઈને મોતને વ્હાલુ કરી દીધુ હતુ. ત્યારબાદ કોમલબેનના પિયરપક્ષ કેટલાક સ્વજનોએ એવો આક્ષેપ કર્યો છે કે કોમલબેનનુ મોત નિપજાવવા માટે તેમના જમાઈ અને સાસુ દ્વારા અપાયેલો ત્રાસ કારણભુત હોય શકે છે. જેથી તે અંગે પોલીસે કોઈની પણ શેહશરમ રાખ્યા વગર તપાસ કરીને ગુનેગારોને સખ્ત સજા કરી સમાજમાં દાખલો બેસાડવો જોઈએ.

# ૨૦૧૭માં બનાસ ડેરીના જનરલ ફેટમાં દસ વર્ષ બાદ વધારો થયો

## હવે જનરલ ફેટ ૫.૩ ટકાના વિક્રમજનક આંકને આંબી ગયો

પાલનપુર, તા.૧૬

દૂધ ઉત્પાદકોની જીવાદોરી સમાન બનાસ ડેરી વિકાસની હરણફાળ ભરી રહી છે. એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના ત્રણ લાખ પચ્ચાસ હજાર કરતાં પણ વધુ દૂધ ઉત્પાદકો -સભાસદો છે. તેઓએ ભરાવેલ દૂધની સારી કિંમત મળી રહે તે માટે સતત કાળજી રાખવામાં આવે છે અને નિયામક મંડળ દ્વારા દૂધ ઉત્પાદકો માટે અનેક લાભદાયક નિર્ણય લેવામાં આવે છે.

બનાસ ડેરીના જનરલ ફેટમાં છેલ્લા દસ વર્ષથી ઘટાડો થઈ રહ્યો હતો પરંતુ નિયામક મંડળે કેટલાક મહત્વના પગલાં લીધા જેથી કરીને જનરલ ફેટ ઘટવાનો બંધ થઈને વધારો જોવા મળી રહ્યો છે તે દૂધ ઉત્પાદકો માટે ખૂબ જ સારા સમાચાર કહી શકાય છે. વર્ષ ૨૦૧૬માં મહત્તમ સરેરાશ ફેટ ૫.૨ ટકા હતો જે વધીને વર્ષ ૨૦૧૭માં અત્યારે ૫.૩ ટકા થયો છે તે ઐતિહાસિક બાબત છે અને હજુપણ તેમાં વધારો નોંધાવાની શકયતા છે.

બનાસ ડેરીનાં દૂધ સંપાદનમાં પ્રતિવર્ષ વધારો થતો હતો પરંતુ ડેરીનો જનરલ ફેટ ઘટતો જતો હતો તે એક ચિંતાનો વિષય હતો. પરંતુ નિયામક મંડળની દીર્ઘદ્રષ્ટિથી થતાં પારદર્શક વહીવટનાં લીધે જે ક્ષતિ હતી તે દૂર કરવામાં આવી છે. બનાસ ડેરી દ્વારા કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય લીધા છે જેમાં મંડળી પર દૂધમાં ભેળસેળ કરનાર સામે પણ કડક પગલાં લેવામાં આવ્યા છે. જયારે ગયા વર્ષે દૂધની કિંમતમાં સતત વધારો કરવામાં આવ્યો છે તેના લીધે બનાસકાંઠાની યુવા પેઢીનું મહેસાણી ભેંસ અને કાંકરેજ ગાયનાં પશુપાલન તરફનું આકર્ષણ વધ્યું છે.

